RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 171* Date: 19.04.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### લોકડાઉનમાં લોકોની બેદરકારીથી કોરોનાને લઈ ગુજરાત માટે ચિંતાજનક બાબત

# કોરોના સંકટ: રાજ્યમાં એક જ દિવસમાં ૭ના મોત, નવા ૧૭૬ કેસ

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં સરકારની અપેક્ષા અને જાહેરાત મુજબ કોરોના વાઈરસ મહામારીના કેસો સતત વધી રહ્યાં છે. આજે એક જ દિવસમાં અત્યારસુધી હાઈએસ્ટ કહી શકાય એવા ૧૭૬ પોઝીટીવ કેસો બહાર આવ્યાં છે. સરકારનું માનવુ છે કે સ્થાનિક સ્તરે કોરોનાના કેસો શોધી કાઢવા સર્વેલન્સ અને ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવી હોવાથી કેસો વધી રહ્યાં છે. જે કેસો વધારે બહાર આવી રહ્યાં છે તે મુખ્યત્વે કોરોના હોટસ્પોટ વિસ્તારોમાંથી બહાર આવી રહ્યાં છે.



રાજયના આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના નવા ૧૭૬ કેસ નોંધાયા છે. જેમાં ૧૪૩ કેસ એકલા અમદાવાદમાં નોંધાયા છે. આ મોટાભાગના કેસ હોટસ્પોટ વિસ્તારમાં નોંધાયા છે. રાજયમાં અત્યારસુધીમાં ૧૨૭૨ પોઝિટિવ કેસ થયા છે. તેમજ રાજયમાં વધુ સાત લોકોના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૮ થયો હોવાનું આરોગ્ય અગ્ર સચિવે જણાવ્યું હતું. ગુજરાતના ૩૩માંથી ૮ જિલ્લા એવા પણ છે કે જયાં અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. એટલે કે કેસ વધ્યા જરૂર છે પણ કોરોનાને મર્યાદિત વિસ્તારમાં રોકી પણ લેવાયો છે. ગુજરાતમાં કોરોના ફેલાવાની ઝડપ પણ ઘણી વધારે છે.

રાજયમાં પહેલો કેસ ૧૯ માર્ચે નોંધાયો હતો અને ૧૮ એપ્રિલ સુધીમાં ૧૨૭૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, સરકારે આપેલા આંકડા પર નજર કરીએ તો, માત્ર ૨૪ કલાકમાં ગુજરાતનાં નવા ૨૫૪ કેસોનો ઉમેરો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો કહી શકાય.૨૪ હજાર રેપિડ ટેસ્ટ કિટ દિલ્હીથી અમદાવાદ પહોંચી ગઈ હોવાનું જણાવીને તેમણે કહ્યું કે, ભારત સરકાર તરફથી ગુજરાતને ૨૪,૦૦૦ કોવિડ-૧૯ રેપિડ ટેસ્ટિંગ કિટનો પ્રથમ જથ્થો શુક્રવારે મળ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની ગાઈડલાઈન મુજબ કન્ટેઈનમેન્ટ ઝોન, હાઈ-રિસ્ક ઝોન અને અન્ય વિસ્તારોમાં ઝડપથી અને મોટા પાયે કોરોના સ્ક્રીનિંગ કરવામાં ખૂબ ઉપયોગી



નીવડશે. રેપિડ ટેસ્ટીંગ કિટનો અન્ય જથ્થો ગુજરાત સરકારને આગામી ૨-૩ દિવસમાં પ્રાપ્ત થશે. આ રેપિડ ટેસ્ટીંગ કિટ દ્વારા પરિક્ષણમાં જે દર્દીઓ કોરોના પોઝિટીવ જણાય તેમનું ફરીવાર રેગ્યુલર આરટીપીસીઆર ટેસ્ટ દ્વારા પણ પરિક્ષણ કરવામાં આવશે તેમ આરોગ્ય સચિવ જયંતિ રવિ એ જણાવ્યું હતું. આ કિટને કારણે ખૂબ ઝડપથી મોટી સંખ્યામાં કોરોના સંભવિત લોકોનું પરિક્ષણ કરી શકાશે. જે આ મહામારી પર ઝડપથી નિયંત્રણ મેળવવામાં અત્યંત ઉપયોગી બની રહેશે. જોકે આ કિટના ઉપયોગ અંગે હજુ આરોગ્ય કર્મીઓને તાલીમ આપવાની હોઈ તેનો ઉપયોગ શરૂ કરવામાં એકાદ બે દિવસ લાગશે.

રાજયમાં કોરોના દર્દીઓની સ્થિતિ વિશે વાત કરીએ તો ૭ દર્દીઓ વેન્ટીલેન્ટર પર છે, જ્યારે ૧૧૨૯ દર્દીઓ સ્ટેબલ છે. ૮૮ લોકોને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૪૮ લોકોના મોત થયા છે. લેબોરેટરી પરિક્ષણની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૮૦૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી ૨૫૧ લોકોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા છે. જ્યારે ૨૫૫૧ લોકોના રિપોર્ટ નેગેટિવ છે. તે સાથે અત્યાર સુધીના કુલ ૨૪૬૧૪ લોકોના ટેસ્ટ થયા છે. તેમાંથી ૧૨૭૨ લોકોના પોઝિટીવ અને ૨૪૩૪૨ લોકોને નેગેટીવ રિપોર્ટ આવ્યો છે. અમદાવાદમાં કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં ગોમતીપુર, વેજલપુર, રામદેવનગર, દાણીલીમડા, ખાનપુર, દરિયાપુર, ખાડિયા, જૂનાવાડજ, જમાલપુર, અસારવા, કાંકરિયા, બહેરામપુરા અને બોડકદેવનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં કોરોના નવા કેસોમાં રાફડો ફાટ્યો હોય તેમ. ગઈકાલ સાંજથી ૨૪ કલાકમાં ગુજરાતમાં ૧૭૬ નવા કેસ આવ્યા છે. આ સાથે જ ગુજરાતમાં કુલ કેસ ૧૨૭૫ પર પહોંચી ગયા છે. તો ૭ના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૮ થયો છે. તો અમદાવાદમાં ૧૪૩ કેસ થયા છે. મોટાભાગના નવા કેસ હોટસ્પોટ વિસ્તારના છે. આમ, જોઈએ તો છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૨૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. ગુજરાતના ૩૩માંથી ૮ જિલ્લા એવા પણ છે કે જયાં અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

# ભારતમાં કોરોનાના અત્યાર સુધીમાં ૧૪,૬૭૬ કેસ નોંધાયા - ૪૯૬ મોત

નવી દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૬૭૬ થઈ ગઈ છે. શનિવારે ગુજરાતમાં ૧૭૩, રાજસ્થાનમાં ૪૧, પશ્ચિમ બંગાળમાં ૩૨, આંધ્રપ્રદેશમાં ૩૧ અને મેઘાલયમાં ૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ પહેલા શુક્રવારે સૌથી વધારે ૨૭૩ કોરોના સંક્રમિતોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તમિલનાડુમાં એક દિવસમાં સૌથી વધારે ૧૦૩ દર્દી, ત્યારબાદ ઈન્દોરમાં ૩૫ દર્દી સ્વસ્થ થયા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં ૩૧, હરિયાણામાં ૨૧, દિલ્હીમાં ૨૦ અને રાજસ્થાનમાં ૧૯ લોકો સ્વસ્થ થયા છે. રાજસ્થાનમાં કોરોનાનું એપિસેન્ટર રહી ચુકેલા ભીલવાડામાં તમામ દર્દી સ્વસ્થ થયા છે. ભીલવાડામાં ૨૮ કેસ આવ્યા હતા, જેમાંથી ૨નું મોત થયું છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર તરફથી મળેલી માહિતી પ્રમાણે આપવામાં આવ્યાં છે. કેન્દ્ર સરકારે કોરોનાનો ભોગ બનનાર પોસ્ટ વિભાગના કર્મચારીઓને ૧૦ લાખનું વળતર આપવાની જાહેરાત કરી હતી. કેન્દ્રી સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં પ્રમાણે, અલગ અલગ રાજ્યોને અત્યાર સુધી ૪ લાખ ૧૨ હજાર ૪૦૦ પીપીઈ કીટ મોકલવામાં આવી છે. સિંગાપુરથી ૨ લાખ કીટ આવવાની આશા છે. ૨૫ લાખ ૮૨ હજાર ૧૭૮ ૬-૯૫ માસ્ક અને ૪ કરોડ ૨૮ લાખ હાઈડ્રોક્સીક્લોરોક્વીન ટેબલેટ પણ મોકલવામાં આવી છે. ઝારખંડમાં રાંચીના સદર હોસ્પિટલમાં ૨ દિવસ પહેલા બાળકીને જન્મ આપનારી મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બાળકી હવે રિમ્સના આઈસોલેશન વોર્ડમાં છે. નિષ્ણાતની સલાહથી મહિલાને બાળકીને દૂધ પીવડાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ પહેલા તેને પોતાને સેનેટાઈઝ કરવું પડશે. સદર હોસ્પિટલમાં મહિલાની દેખરેખ કરનારા સ્ટાફ વાળા સ્ટાફ અને બાળકોની પણ કોરોના તપાસ કરવામાં આવશે.

કોરોના વાઈરસના કેરમાં હવે ભારતની નૌસેના પણ સપડાઈ ગઈ છે. નૌસેનાના ૨૧ સૈનિક કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ તમામને મુંબઈની નેવી હોસ્પિટલમાં ભરતી કરાવાયા છે. આ તમામ નૌસેનિક નેવીના જ એક નાવિકના સંપર્કમાં આવ્યા હતા. જેનો ૭મી એપ્રિલે કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. મહત્વનું છે કે હજુ સુધી નૌસેના તરફથી કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી.૨૭ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંક્રમણ ફેલાયું છે. કોરોના વાઈરસ અત્યાર સુધી દેશના ૨૬ રાજ્યોમાં પગ પેસારો કરી ચુક્યો છે. સાથે જ દેશના સાત કેન્દ્ર શાસિત પ્રદેશમાં પણ આ સંક્રમણ પહોંચી ચુક્યું છે.

### કોરોના સંકટ વચ્ચે સંવેદનશીલ સરકારનો સંવેદનશીલ નિર્ણય

# રૂપાણી સરકાર ૬૬ લાખ પરિવારોને ૧ હજારની મદદ કરશે

*ગાંધીનગર,તા.૧૮*

ગુજરાત રાજ્ય વર્તમાન મહામારી કોરોના સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. લોકડાઉનો સમય પણ વધુ ૧૯ દિવસ લંબાવી દેવાયો છે. લોકડાઉનને કારણે લોકોના સામાજિક અને આર્થિક બાબતો પર અસર થઈ રહી છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગને રાહત મળે તે માટે સરકારે વિચારવિમર્શ બાદ એવો નિર્ણય કર્યો છે કે જે પરિવારોને રેશન મળ્યું નથી તેમને એક હજારની રોકડ સહાય આપવી. આવા ૬૬ લાખ પરિવારોને ઓળખી કાઢવામાં આવ્યાં છે. સરકાર પાસે તેમના બેંકના ખાતા નંબર વગેરેની માહિતી ઉપલબ્ધ હોવાથી સોમવારે તેમના ખાતામાં એક હજાર રૂપિયા જમા થઈ જશે.

સૂત્રોએ કહ્યું કે, એક રીતે જોતા રાજયના ૬૬ લાખ પરિવારોને આ એક હજારની રોકડ સહાય આશિર્વાદરૂપ નિવડી શકે તેમ છે. જે કે આ એક હજાર માટે તેમણે બેંકમાં જવુ પડશે. અને આમ પણ ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં શરતી છૂટછાટો મળવાની છે ત્યારે આ ૬૬ લાખ પરિવારોને સહાય મેળવવામાં કોઈ મુશ્કેલી નહીં પડે એમ સરકારનું માનવુ હતું. સરકારના આ નિર્ણયને એક મહત્વનું માનવામાં આવી રહ્યું છે.

સૂત્રોએ કહ્યું લોકડાઉનમાં એવા અસંખ્ય પરિવારો છે કે જેઓ આર્થિક સંકડામણ કે મુશ્કેલી અનુભવી રહ્યાં છે. તેમના માટે રોજનું કરિયાણુ અને એક એક રૂપિયો મહત્વનો બની ગયો છે. વિશેષ કરીને રોજ મહેનત કરીને રોજનું કમાવીને ખાનાર વર્ગની હાલત કફોડી બની ગઈ છે. લોકોને એમ હતું કે ૧૪ એપ્રિલે લોકડાઉન ઉઠાવી લેવામાં આવશે. પરંતુ તેના બદલે વધુ ૧૯ દિવસ લંબાવતા આ વર્ગની મુશ્કેલી દૂર કરવા સરકારે તેમના ખાતામાં એક હજાર રોકડા



જમા કરીને રાહત આપવાનો નિર્ણય કર્યો છે.દરમ્યાન, સત્તાવાર રીતે જણાવાયા મુજબ, આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહત્વનો નિર્ણય લીધો છે. બે દિવસ બાદ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા હેઠળ આવતા ૬૬ લાખ કુટુંબોના ખાતામાં ૧૦૦૦ રૂપિયા જમા કરાવવાની શરૂઆત કરાશે. એપ્રિલ મહિના માટે વધુ ૧ હજાર રૂપિયાની સહાયની જાહેરાત પહેલા કરી હતી, જે સોમવારથી મળવાની શરૂ થઈ જશે. રાજ્ય સરકાર પર આ નિર્ણયથી ૬૬૦ કરોડનું ભારણ આવશે. પરંતુ ૬૬ લાખ પરિવારોને લોકડાઉનની વચ્ચે રાહત મળશેઅનાજ વિતરણ અંગે તેઓએ કહ્યું કે, ગુજરાતમાં પ્રથમ વખત ૬૦ લાખ APL કાર્ડધારકોને ૧૩ એપ્રિલથી ઘઉં, ચોખા, ખાંડ, દાળ આપવાની શરૂઆત થઈ હતી. અત્યાર સુધી ૬૦ લાખ પૈકી ૪૫ લાખ લાભાર્થીઓએ રાશન લીધું છે. આ પ્રક્રિયા હજુ પણ ચાલુ જ રહેશે. અગાઉ ૧૩ થી ૧૭ એપ્રિલ સુધીની જાહેરાત કરી હતી. જેમાં અનેક લોકોએ પોતાનો હક્ક જતો કર્યો છે. હજુ જે પણ બાકી રહી ગયું હશે તેને અનાજ આપવાની કામગીરી ચાલુ રહેશે. અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને રાજકોટના ઓઈલ મિલરો સાથે સરકારે વીડિયો કોન્ફરન્સ કરી હતી. માંગ પ્રમાણે પુરવઠો જળવાઈ રહે અને ભાવ ન વધે તે માટે ચર્ચા કરી હતી. નાફેડના અધિકારીઓ પણ કોન્ફરન્સમાં જોડાયા હતા. આવનારા દિવસોમા સીંગતેલનો પુરવઠો જળવાઈ રહેશે અને ભાવ પણ જળવાશે. આજ સુધીમાં કુલ ૬૩ માર્કેટયાર્ડ શરૂ થઈ ચૂક્યા છે. જેમાં ૩૮૮૭૩ ક્વિન્ટલ પાકનું વેચાણ થયું છે. રાજય સરકારના ઝડપી નિર્ણયના કારણે જ અન્ન ઉત્પાદન માર્કેટ સુધી પહોંચ્યું છે.

# લોકડાઉન ૨.૦માં છૂટ મળવાની સાથે જ પુનઃ ધબકતું થશે દેશનું ૪૫% અર્થતંત્ર

નવી દિલ્હી,તા.૧૮

દેશભરમાં કોરોના વાયરસના હાહાકારની વચ્ચે ૨૦મી એપ્રિલથી દેશના અર્થતંત્રને પુનઃ ધબકતું કરવાનો સરકારે પ્રયાસ કર્યો છે. સરકારની ગાઈડલાઈન મુજબ જે વેપાર ઉદ્યોગોને ૨૦મી એપ્રિલથી કામકાજ કરવાની છૂટ મળી છે તેમાં દેશનો ૬૫ ટકા વર્ગ કામ કરે છે. અને આ છૂટ મળવાની સાથે જ દેશનું ૪૫% અર્થતંત્ર પુનઃ ધબકતું થઈ જશે.ખેતી : હિંદુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ દેશની જીડીપીમાં ૩૬.૪ ટકા યોગદાન ખેતીનું છે એવામાં ફૂડ પ્રોસેસિંગ, કોલ્ડ સ્ટોરેજ, વેર હાઉસ, માછીમારી, પેકેજિંગ, મત્સ્ય ઉદ્યોગ, ફીશ સીડ, ચા-કોફી, રબર, કાજુ પ્રોસેસિંહ, દૂધનું કલેક્શન,. વગેરેનું ઉત્પાદન અને ડિસ્ટ્રિબ્યૂશન શરૂ થઈ જશે.અહેવાલ મુજબ દેશની આઈટી ઈન્ડસ્ટ્રીસની ઑફિસો ૨૦મી તારીખથી ખુલી જશે. આ ઉપરાંત કૉલ સેન્ટર, ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, મેકેનિક, કારપેન્ટર, કૂરિયર, ડીટીએચ સેવા, કેબલ સર્વિસ ખુલી જશે. રિયલ એસ્ટેટ : દેશની જીડીપીમાં રિયલ એસ્ટેટનું યોગદાન ૭.૭૪ ટકા છે. આ સાથે દેશમાં શરૂ થનારી આ ઈન્ડ્સ્ટ્રીસમાં રિયલ એસ્ટેટ છે જ્યાં શરતોને આધીન સાઈટ શરૂ કરવાની છૂટ મળશે. આઈ ઉપરાંત કન્સ્ટ્રક્શન અને મજૂરોને પણ કામ કરવાની છૂટ મળશે.આવશ્યક સેવાઓ : આ ઉપરાંત ચિકિત્સા ઉપકરણ, ખાણ ખનીજ, જૂટ ઉદ્યોગ શરૂ થશે જેનું જીડીપીમાં ૧૬.૫૭ ટકા યોગદાન છે. ઉપરાંત આવશ્યક તમામ સેવાઓ શરૂ થઈ જશે. આમ આ તમામ ઉદ્યોગો ખુલતાની સાથે જ દેશમાં ૪૫ ટકા અર્થતંત્ર ફરીથી ધબકતું થઈ જશે.

# ૨૦ એપ્રિલથી ફરી રાષ્ટ્રીય રાજમાર્ગો ઉપર શરૂ કરવામાં આવશે ટેક્સ વસૂલી

,નવી દિલ્હી,તા.૧૮

સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરાયું છે ત્યારે હવેથી રાષ્ટ્રીય રાજમાર્ગો પર ટેકસ વસૂલાત કરવામાં આવશે. એન.એચ.આઈ. દ્વારા એનએચ-૯ પર નિર્માણ કાર્યની સાથે તમામ ટોલ પ્લાઝા પર ચાર્જ વસૂલવાનો નિર્ણય કર્યો છે. જેના માટે એન.એચ.આઈ એ પૂરી તૈયારી કરી લીધી છે. સરકાર દ્વારા જે નિર્દેશ જાહેર કરાયો છે તે અનુસાર ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રધિકરણ ૨૦ એપ્રિલથી રાષ્ટ્રીય રાજમાર્ગો પરથી ટોલ ટેક્સ વસૂલી શકશે.

ત્યારે સરકારના આ આદેશનો પરિવહન ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોએ વિરોધ કર્યો છે. સરકારે કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને લોકડાઉન દરમ્યાન ૨૫ માર્ચ સુધી ટોલ ટેકસમાં મુકિત આપી હતી પરંતુ હવે ૨૦ એપ્રિલથી ફરી ટેક્સ વસૂલી શરૂ કરવામાં આવશે.. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા બધા જ ટ્રકો અને અન્ય માલવાહક વાહનોને રાજયમાં જે છૂટ આપવામાં આવી હતી તે હવે નહિં અપાય અને ટેક્સ વસૂલવામાં આવશે તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.

# દુબળા કરતા ઝાડા લોકોમાં કોરોના વાયરસના સંક્રમણનું જોખમ વધારે: રિસર્ચ

,નવી દિલ્હી,તા.૧૮

કોરોના વાયરસના કારણે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે ત્યારે વિશ્વનાં વૈજ્ઞાનિકો દ્વારા એક ખાસ સંશોધન કરવામાં આવ્યું છે. આ સંશોધનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો મેદસ્વી છે તેમનામાં કોરોના વાયરસનું જોખમ વધારે છે. દુબળા કરતા ઝાડા લોકોમાં કોરોના વાયરસના સંક્રમણનું જોખમ વધારે છે.આ અભ્યાસમાં ટાંકવામાં આવ્યું છે કે કોરોના વાયરસ ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને વધારે સંક્રમિત કરી રહ્યો છે. જોકે, સંશોધન મુજબ જે લોકોનો બૉડીમાસ ઈન્ડેક્સ ૩૦-૩૪ છે તેમને ૩૦થી ઓછા બૉડીમાસ ઈન્ડેક્સ ધરાવતા લોકો કરતાં વધારે જોખમ છે. આવા લોકોએ ૧.૮ ગણું વધારે સતર્ક રહેવાની જરૂર છે.જો કોઈનો બોડી માસ ઈન્ડેક્સ ૩૫થી વધારે હોય તો તેમણે ૨.૨ ગણું વધારે જોખમ છે અને તેમને સામાન્ય દર્દી કરતા ૩.૬ ગણી વધારે કાળજી રાખવી પડશે. બીએમઆઈ એટલે કે બૉડી માસ ઈન્ડેક્સ એક એવી વૈજ્ઞાનિક પદ્ધતિ છે જેમાં વ્યક્તિની લંબાઈ અને વજનની તુલના કરવામાં આવે છે.

આ સંશોધન જગતજમાદાર અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં દાખલ દર્દીઓ પર કરવામાં આવ્યું હતું. ન્યૂયોર્કમાં દાખલ ૩૬૧૫ દર્દીઓ પર થયેલા સંશોધનમાં આ ખુલાસો થયો છે. આ દર્દીઓમાંથી ૨૧ ટકા લોકોનું બીએમઆઈ ૩૦થી૩૪ ટકા હતું અને ૧૬ ટકા દર્દીઓનું બીએમઆઈ ૩૫થી વધુ હતું.આમ કુલ મેળવીને કોરોના વાયરસના દાખલ દર્દીઓમાંથી ૩૭ ટકા દર્દીઓનું વજન વધારે હતું. આ સંશોધન ઑક્સફોર્ડ જર્નલમાં પ્રકાશિત થયું છે.

# બકાના ગતકડાં ભાગ ૫’’ લોક ડાઉન ૧ (યાદોં કી બારાત)

નિકેતા વ્યાસ – કુંચાલા

“આજથી સમગ્ર ગુજરાતમાં લોક ડાઉનનો આદેશ.આવશ્યક કારણ સિવાય ઘરની બહાર ન નીકળવા અપીલ.હાલ પૂરતો ચોવીસથી એકત્રીસ માર્ચ સુધી લોક ડાઉનનો અમલ.જનતા જો લોક ડાઉનનું કડક પાલન નહી કરે તો કરફ્યુ લાગુ થવાની સંભાવના .’’ ટીવીમાં સમાચાર જોતા જોતા શાક સમારતાં બકાએ ટીવીનો અવાજ ધીમો કર્યો.

“ ત ુ ર ી ...એય.....તુ....રી.....’’

“ શું બનાવવાનું છે આજે બોલો .’’બાજુમાં બેસીને મોબાઈલમાં વ્યસ્ત પત્ની બોલી.

“તને ખબર કેવી રીતે પડી જાય છે કે હું તને શું કહેવાનો છું ?’’

“આ તમે જે સ્ટાઈલથી તુ...રી...બોલો છોને એના ઉપરથી.’’

“અચ્છા...તારા માટે શું ઈમ્પોર્ટન્ટ છે ?’’

“એઈ.... મારો ડાયલોગ નહી બોલવાનો...’’બેયથી ખડખડાટ હસી જવાયું.એકવીસ વર્ષ પહેલાં નવા નવા પરણીને હનીમુન કરવા ગોવા ગયેલાં ત્યારની એ વાત બેયને તાજી થઈ આવી.

બીચ ઉપર ફરતાં ફરતાં કોઈ પિકચરનું શુટીંગ જોવાં ઊભા રહ્યાં.એટલી બધી ભીડમાં કસ્તુરીને બરાબર દેખાય નહી. એટલે ઊંચીનીચી થયા કરે. બકાએ રીતસરની તેડી જ લીધી.હિરોઈનને ગુંડાઓ ઉઠાવી જતાં હોય અને હીરોની એન્ટ્રી થાય....દે ધનાધન મારામારી ચાલુ......સાલું પહેલીવાર ખબર પડી કે સાચેસાચ કોઈ એકબીજાને મારતાં નથી હોતા. હીરોને જીપમાં બેસાડીને ક્રેનથી જીપને એક જહાજ ઉપર લેન્ડ કરી.અને જ્યારે મુવી થિયેટરમાં જોયું ત્યારે તો હીરો જીપ હવામાં કુદાવીને જહાજ ઉપર લેન્ડ થાય છે એવું બતાડ્યું હતું બોલો !!! આ મુવી તો બકાએ અગણિત વખત જોયું હશે.એનું એક મખમલી કારણ પણ હતું.

અચાનક હીરોને ઈજા થતાં શૂટિંગ ખોરવાઈ ગયું.બકો જે રીતે કસ્તુરીને તેડીને ઊભો હતો,એ ક્યારનો કેમેરામેનની નજરમાં હતો.કેમેરામેને ડાયરેક્ટરને કઈક કહ્યું.એક માણસ બકા પાસે આવ્યો અને એને ડાયરેક્ટર બોલાવે છે એમ સંદેશો આપ્યો.દૂરથી આવતી આ નવપરિણીત જોડીને બધાં જોઈ જ રહ્યાં.સૌથી નોટીસેબલ બકાની છ ફૂટની હાઈટ, મોટી મોટી નિર્દોષ આંખો,સિલ્કી વાળ ,ગુલાબી હોઠ ઉપર આકર્ષક મૂછો ,અણીયાળું નાક,પહોળું કપાળ,ફેર સ્કીન અને બ્રાન્ડેડ ડ્રેસિંગ સાથે સૌથી કાતિલ તો એનું સ્માઈલ હતું.એ જરાક હોઠ ખેંચે... અને જે સ્મિત લકીર દેખાય એમાં ભલભલાં ક્લીન બોલ્ડ થઈ જતાં.

કસ્તુરી પણ ઈન્દ્રની અપ્સરાઓને ઝાંખી પાડે એમ હતી.સાડા પાંચ ફૂટની ઊંચાઈ,સપ્રમાણ ઘાટીલું શરીર,ગોરો વાન,ફેશનેબલ આઉટફીટસ,લેટેસ્ટ હેરકટ સાથે મોટી અણીયાળી આંખો એના છટાદાર વ્યક્તિત્વને અલગ લુક આપતી હતી.

ડાયરેક્ટરે ધીમેથી પ્રસ્તાવ મુક્યો.જો બકો રાજી હોય તો આ લોકેશન પર સુર્યાસ્ત પહેલાં હીરોના ડમી તરીકે એને લઈને હીરો-હિરોઈનની પહેલી મુલાકાતનો એક રોમેન્ટિક સીન શૂટ કરવો છે. બકો કઈ બોલે એ પહેલા જ કસ્તુરીએ સંમતિ આપી દીધી.સીન સમજાવાયો.સીન ગોઠવાયો.કેમેરો બકાની પાછળ.હિરોઈનનો ફ્રન્ટ સાઈડ ફેસ અને ડાયલોગ :’’કૌન હો તુમ ? જો ભી હો મેરે લિયે ફરિશ્તે સે કમ નહી.’’ બોલતાંકને બકાનો હાથ પકડીને ચૂમ્યો.સીન ઓકે થઈ ગયો.પણ કસ્તુરીના દિમાગમાં વારંવાર એના રીટેક થતાં રહ્યાં.હિરોઈન જાનાની આંખો પણ ઘણું બધું કહેતી હતી.એ વાંચી ગયેલી કસ્તુરીએ રીતસરનો ઉધડો લઈ લીધો.’’સીન સમજાવ્યો ત્યારે તો આ હાથ ચૂમવાનું નહોતું સમજાવ્યું.એણે તારા હાથે કિસ કેમ કરી ? અને તું કેમ કઈ નાં બોલ્યો ?’’

હોટલમાં ગયાં પછી કસ્તુરીએ જાતે સાબુ અને સ્ક્રબરથી ઘસી ઘસીને બકાનો હાથ ધોયો.બકાનો આમાં વાંક ક્યાં હતો ?છેવટે બોલી બોલીને થાકેલી કસ્તુરી બકાને હીબકાં ભરી ભરીને રોઈ.બકાએ રડવા દીધી. મન શાંત થયા પછી એણે બકાને એટલું જ પૂછ્યું : “તારા માટે શું ઈમ્પોર્ટન્ટ છે ?’’

“ તું.“ એની આંખોમાં આંખો પરોવીને બકાએ જવાબ આપ્યો. કસ્તુરીના બત્રીસે કોઠે દીવા ઝળહળી ઊઠ્યાં.

“તો ચાલો અત્યારે જ અમદાવાદ પાછા જતા રહીએ.મારે અહી બિલકુલ નથી રહેવું.’’ તરત જ એ હોટલ અને એ જગ્યા છોડી નીકળી ગયેલાં બકા માટે કસ્તુરીનો આ ડાયલોગ જીવનભરનું સંભારણુ બની ગયો.

બકાએ ચપટી વગાડતાં કહ્યું :’’ મેડમ ગોવા થી અમદાવાદ પાછા પધારો.આજે મસ્ત ટેસ્ટી પાંવભાજી ખવડાવો એવી ગુજારીશ છે.’’

“ જી હુજુરે આલા...’’ કહેતી મલકાતી કસ્તુરી રસોડામાં ગઈ.

બકાનું મન પાછું ગોવા પહોચી ગયું.બકો નીકળી ગયા પછી જાનાનો માણસ એને મળવા આવ્યો હતો.હોટલના રીસેપ્શન પરથી મળેલા ઓફીસના ફોન નંબર ઉપર અઠવાડીયા પછી જાનાનો ફોન આવ્યો.અને આવતો રહ્યો...આટલાં વર્ષોમાં એના મળવાના સતત આગ્રહ પછીએ ક્યારેય ન મળેલો બકો એના હૈયે વસી ગયો હતો.

જીવનની ઘટમાળો વચ્ચે ય બેયની મિત્રતા હજી અકબંધ હતી.એની યાદ સાથે જ બકાના મગજમાં ગીત ઊભરી આવ્યું.......

“સમય કી ધારા મેં ઉમર બહે જાની હૈ...

દો ઘડી જી લેંગે વહી રહે જાની હૈ.....

મૈ બન જાઉં સાંસ આખરી તું જીવન બન જા....


મૈ નાં ભુલુંગા.... મૈ નાં ભુલુંગી..’’

# બિગ બ્રેકિંગ : एसीपी ने दम तोड़ा, लुधियाना में चौथी मौत

लुधियाना।

कोरोना वायरस से संक्रमित एसीपी अनिल कोहली नहीं बच पाए। हालांकि प्लाज्मा चढ़ाया जाना था प्लाज्मा चढ़ा या नहीं, इस बारे में सिविल सर्जन ने कुछ भी बताने से इंकार कर दिया।

जानकारी के अनुसार एसीपी अनिल कोहली का अस्पताल लुधियाना में इलाज चल रहा था। लेकिन पिछले दिनों उन्हें वैटिलेटर पर रखा गया था। शनिवार को उन्होंने अंतिम सांस ली। मृत्यु की सिविल सर्जन ने पुष्टि कर दी है। वे कुछ




दिनों से वेंटिलेटर पर थे और हालत नाजुक थी।

कोरोना की दस्तक के बाद शहर में पहली बार शुक्रवार को एक के बाद एक पांच पॉजिटिव केस मिले थे। ये सभी एसपीएस अस्पताल में भर्ती कोरोना पॉजिटिव एसीपी नॉर्थ के संपर्क में आए लोग ही हैं। पहले आई रिपोर्ट में उनकी पत्नी, फिरोजपुर निवासी गनमैन ड्राइवर, बस्ती जोधेवाल थाने की एसएचओ और जिला मंडी ऑफिसर पॉजिटिव पाई गईं। वहीं देर रात आई रिपोर्ट में महिला एसएचओ का एएसआइ ड्राइवर भी पॉजिटिव पाया गया। इन सभी को अलग-अलग अस्पतालों में भर्ती किया गया था। लुधियाना में एसीपी के दम तोडने के बाद चौथी मौत है।

# અરવલ્લીના ૨૫,૫૦૩ લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩ મે સુધી લોકડાઉનની સમય મર્યાદા વધારવાની જાહેરાત કરી છે તે સાથે સાથે દેશના તમામ લોકોને કોરોના વાયરસ એટલે કે COVID-19ના સંક્રમણથી બચવા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા પણ ભલામણ કરી હતી.

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૨ એપ્રિલના રોજ આરોગ્ય સેતુ નામની એપ શરૂ કરવામાં આવી છે. દેશની ૧૧ ભાષાઓમાં ઉપલબ્ધ આરોગ્ય સેતુ એપમાં કોરોના સબંધીત ૐૈંઙ-૧૯ના સંક્રમણને લગતા જોખમો અને તેનુ સચોટ વિવરણ. તમારા લોકેશન અને સામાજિક ગ્રાફની મદદથી તમે કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે કેમ ? તેવી તમામ માહિતી આરોગ્ય સેતુ એપમાં સમાવેશ કરાયો છે .જયભાઈ રૂપાણીએ પણ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી રોગના સંક્રમણથી બચવા સહકાર માંગ્યો હતો જેનો સારો એવો પ્રતિસાદ મળ્યો છે. જેમાં અરવલ્લીવાસીઓ પણ આરોગ્ય માટે જાગૃત થઈ ૨૫, ૫૦૩ લોકોએ આરોગય સેતુ એપ ડાઉનલોડ કરી છે. જયારે ૫૫૩ લોકોએ જાત તપાસ કરી પોતાના જીવને સુરક્ષિત કરવા માટે કટીબધ્ધ થયા છે.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

વિભાગ : ગદ્ય.

શીર્ષક : અંતિમ ઈચ્છા.

ગોવાની ટ્રીપનો એ અંતિમ દિવસ હતો, પરિમલ અને જયા આ દિવસને માણી લેવા આતુર હતા.સોનેરી સાંજ એનો ઓથાર દરિયા પર જ નહિ પરંતુ આખા ગોવા પર પાથરવા આતુર હતી.

×તું મને કેટલો પ્રેમ કરે છે પરિમલ?×

×તું વિચારી પણ ન શકે એટલો×

×તને ખબર છે ને મારી પાસે બહુ સમય નથી.×

×પણ જયા,જે અત્યારે છે એતો આપણો છે ને×

×તને મારી છેલ્લી ઈચ્છા યાદ છે ને પરિમલ?×

×હા, મારી વ્હાલી અત્યારે તો વ્હાલ કરી લેવા દે× એમ કહી એને ઊંચકી લીધી.

જયા પણ જાણે આ ક્ષણને માણી લેવા માંગતી હોય એમ બે હાથ ઉપર કરી આ પળને માણી રહી.

જયા એક અસાધ્ય બીમારીથી પીડાઈ રહી હતી એ જાણ્યા છતાં, પરિમલે એની સાથે લગ્ન કર્યા હતા.અને ટૂંકા ગાળાની એ જીંદગીમાં અઢળક પ્રેમ ભરી દિધો હતો.

છ મહિના પછી...

વેન્ટિલેટર પર અંતિમ શ્વાસ ભરી રહેલી જયાએ પરીમલને સાવ સમીપ બોલાવી કહ્યું, અંતિમ શ્વાસ સાજન તારા ખોળામાં જાઉં છું વચન નીભાવજે.

બે દિવસ પછી બી.જે મેડિકલ કોલેજના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ શરીરની એનોટમી સમજી રહ્યા હતા એક સાચુકલા મૃત સ્ત્રી માનવ શરીર સાથે.

ભાવના પટેલ.×વલસાડી વાદળ×

ગાંધીનગર

શિર્ષકજીવનસંધ્યા

તને યાદ છે? આજથી પચાસ વર્ષ પહેલા લગ્ન પછીના પ્રથમ રવિવારની સાંજે આપણે આ સ્થળે આવ્યાં હતાં. ક્ષિતિજ પર અસ્ત થતો સૂર્ય આપણા યુવાન હૈયાઓની સાગરના મોજાઓ સાથેની મોજનો સાક્ષી હતો

મારી પ્રિય જીવનસંગીની તે સમયે તારા તન-મનને મારામાં સમર્પિત કરતાં તું કેવી ખુશખુશાલ હતી અને તને મેળવી હું પણ કેટલો આનંદિત હતો. આજે પણ આપણે તેટલા જ આનંદિત છીએ જેટલા પાંચ દાયકા અગાઉ હતાં ફરક માત્ર એટલો છે કે ત્યારે મેં તને મારી તનની તાકાતથી ઉંચકી લીધેલ અને આજે તું મારા હૃદયનાં સિંહાસન પર બિરાજમાન છો.

ખરેખર પાંચ દાયકાની આપણી આ જીવનયાત્રામાં તું સાચા અર્થમાં મારી જીવનસાથી બની રહી છો તારી સાથે હંમેશા મેં સુખને બમણું અને દુ:ખને અડધું થતાં અનુભવ્યુ છે. જીવનની વિકટ પરિસ્થિતિમાં તે હંમેશા સાથ આપ્યો છે.

યાદ છે તને જયારે મારી નોકરી છૂટી ગયેલ અને ઘરની આર્થિક સ્થિતિ નાજુક બની ગયેલ ત્યારે તે જ ગૃહલક્ષ્મી બની ઘરને સંભાળેલ. જીવનયજ્ઞમાં અરમાનોની આહૂતી આપનાર તું સાચે જ મારી સહધર્મચારિણી બની રહી છો. સ્વજનોની વિદાય સમયે મારા જીવનમાં આવેલા ખાલીપાને તે જ દૂર કરેલ

આજે આ જીવનસંધ્યાએ ક્ષિતિજ પર અસ્ત થતાં સૂર્યની સાક્ષીએ તને કહું છું કે પચાસ વર્ષ પહેલાં જેવી આનંદિત ક્ષણ હતી તેવી જ અનુભુતી હું આજે કરી રહયો છું.

- અવિનાશ એમ જોષી(M. Sc. B. Ed.) બોટાદ

શીર્ષક પ્રેમ

ગિરધારીલાલ આજે પૌત્ર સાથે થયેલી જીભાજોડી પછી ક્વિન્સ નેકલેસની પાળે બેઠા હતા. આમ?? તો ક્ષિતિજ અને તેમને સારો મનમેળ હતો.

એક દિવસ ભુલથી ક્ષિતિજના મોબાઈલનું લોક ઓપન હતું અને મેસેજેસ ચેક કરતાં ગિરધારીલાલને કારણ મળી ગયું.

ગિરધારીલાલે ક્ષિતિજને પુછ્યું,× તું કોને પ્રેમ કરે છે લીનાને ,મિતાલીને કે પ્રિયંકાને?×

× તમે મારો મોબાઈલ ચેક કર્યો?×

× તે મહત્વનું નથી , પણ આ એક જાતની છેતરપિંડી છે. આઈ લવ યુ શબ્દને પ્રસાદની જેમ વહેંચી રહ્યો છે.×

× તમે શું જાણો પ્રેમ શું હોય છે? તમે? નવા જમાના વિશે શું જાણો.×

× જમાનો ભલે બદલાયો પણ નથી પ્રેમ બદલાયો કે નથી પ્રેમીઓ. પ્રેમ સમર્પણ માગે છે, પ્રેમ વિશ્વાસ માગે છે, પ્રેમ વફાદારી માગે છે.× એટલું કહીને તે અહીં આવી ગયા હતા.

તેમના શબ્દોએ તેમના ભૂતકાળને આંખ સામે તાદ્રશ કરી દીધો.

ચાલીમાં સામેના ઘરમાં રહેતી શીલા, કલાકો સુધી તેને જોઈ રહેતો, વાટકીઓની આપલે વખતે થતો સ્પર્શ, એક દિવસ હિંમતથી આઇ લવ યુ કહ્યું, શરમાઈ ગઈ, ચોરી છુપે ફરવા જતા, જુહુ બીચનો સુર્યાસ્ત પણ એક દિવસ તેના પિતા તેનું સગપણ નક્કી કરી આવ્યા, પિતાને કહી ન શકાયું શીલા ગમે છે. દહેજમાં મળેલા ફ્લેટમાં શિફ્ટ થયા.

× સોરી દાદાજી, આપણે ચર્ચા કરીએ પછી તમે કહેશો તે જ છોકરી ફાઈનલ કરીશું × પાછળથી? ક્ષિતિજ બોલ્યો.

× ફાઈનલ તો તારે જ કરવાની× એટલું કહીને ડુબતા સુરજને તાકી રહ્યા.

જ્યોતિન્દ્ર મહેતાવિભાગ:ગદ્ય

શીર્ષક: ×લાલી×

×લાલી...લાલી...×એ દોડતી લાલીને આંબતા ×આમ ક્યાં સુધી બુચી બાવળની જેમ ઝુરતી રહીશ×?

લાલી, મુક્તિને એકીટશે જોતી રહી સાવ ભાવ વિહોણી.

શું આમ ભૂતડીની જેમ ઉભી છો ? અને આમ દરિયા કિનારે ભટકી ભટકીને જીવનની મુશ્કેલી દૂર નહિ થાય જા...કામમાં જીવ પરોવ...×

લાલી પર મુકતિની વાતની કોઈ અસર ન જણાતા મુક્તિ કપાળ ફૂટતી ત્યાંથી જતી રહી.

આમ તો સાવ ઝૂંપડપટ્ટીમાં જન્મીને મોટી થઈ હતી. સુખને અને લાલીને બારગાવનું છેટું હતું.પણ કમળ કાદવમાં જ ખીલે એટલે લાલી સોળ વર્ષે તો ચંદ્રની જેમ સોળે કળાએ ખીલી હતી.

ઉકરડા જેવા ઘરમાં રહેતી લાલી અને એની મા સામે કોઈ જોતું નહોતું. પણ જ્યારથી લાલી એ જુવાનીમાં ડગ માંડ્યા ત્યારથી લોકોની રહેમ રાહ મળવા લાગી હતી.

લાલીની મા પારકા કામ કરીને પેટ પૂરતું મેળવી લેતી જે મા દીકરીને પૂરતું થઈ પડતું.

અને માંડ માંડ ૧૦ સુધી લાલી ને ભણાવી હશે ત્યાં લાલીને કામ કરવા માટે પડોશી બાયું સમજાવવા લાગી હતી.આમ ને આમ લાલી મુક્તિ સાથે પરિચયમાં આવતા, ડાન્સ બાર સુધી પહોંચી ગઈ. દિવસો ફર્યા.સોળેકળા એ ખીલેલી લાલી સોહમની નજરે ચઢી ગઈ હતી. સોહમ લાલીને ચાહવા લાગ્યો હતો.એ લાલીની જિંદગી સંવારવા માંગતો હતો.સોહનના દોસ્ત હેતનો પૂરો સાથ હતો.

સોહમ તું ખરેખરમાં મને ચાહે છે?×

×અરે લાલી તને શક છે?

મને કયારેય માબાપનો પ્રેમ નથી મળ્યો. અને તને પણ આપણે એકબીજાનાં જીવનબાગને પ્રેમથી મ્હેકાવી દઈશું...×

લાલીની કોમળ આંગળીઓ સોહમના વાંકડીયા વાળમાં ફરતી હતી ,અને સોહમ લાલીનાં ખોળામાં લાલીના શરીરને સ્પર્શતો બંધ આંખે પડ્યો પડ્યો દરિયાનાં મોજા નું સંગીત માણી રહ્યો હતો.

સંધ્યાની લાલી અંધકારમાં ફેરવાય ગઈ સમયનું ભાન કયાં હતું? પ્રેમની હૂંફમાં જીવનની ખામીઓ બુરવા માંગતા પ્રેમી પંખીડા...પોતાની મસ્તીમાં છુટા પડ્યા.

આજ બે દિવસ થયા પણ સોહમના કોઈ સમાચાર નહતા.

લાલી મનમાં મુંજાતી હતી. લાલીની નજર દૂરથી આવતા હેત પર પડી હેત ધીમી ચાલે લાલી તરફ આવી રહ્યો હતો.

×અરે હેત...સોહમ કયા ગયો છે. બે દિવસથી મળ્યો નથી. એને કહે એની લાલીની શુ હાલત છે અહીં?×

અનુત્તર હેતની આંખો વરસી પડી...

એ માંડ માંડ બોલી શક્યો... ×લાલી તમે બેઉ છુટ્ટા પડ્યા એ રાતે જ...અકસ્માતમાં...×અવાક નજરે લાલી હેતને જોતી રહી, ને સાન ભાન ભૂલી મૂર્છિત થઈ ત્યાંજ પડી ગઈ.

ઘણો સમય વિત્યો પણ લાલી હજુ પણ દરીયાની રેતમાં સોહમની પ્રણય પ્રચુર યાદ ફંફોસતી ઢળતા સૂર્યની સામે બેસી રહેતી.

હવે એક માત્ર સહારો હેત હતો. એ લાલી અને સોહમના પ્રેમનો સાક્ષી હતો. લાલીની હાલત જોવાતી નહોતી.પણ લાચાર હતો. લાલીની જીદગી સંવારવા માંગતો હતો.

લાલીની સખી મુકિત ઘણું સમજાવી થાકી પણ ચેતન વગરની જડ જેવી લાલી માનતી નહોતી. લાલીની માને બે દિવસના તાવે ભરખી લીધી. ત્યારે લાલી ખૂબ રડી.

લાલી દરિયા કિનારે વિદાય લેતા સૂર્યને જોઇ રહી ત્યાં હેત ખુબજ પ્રેમથી એનો હાથ માગ્યો...

×લાલી તું હંમેશા મારા મિત્રની લાલી બનીને મારા જીવનમાં રહીશ. તારી આવી જિંદગી મારાથી નથી જોવાતી આટલા મોટા શહેરમાં લોકો તને નોચીલેશે.

મારા માટે નહીં તો સોહમના પ્રેમ ખાતર તું મને સ્વીકાર...

અત્યાર સુધીના બધાજ બંધ છૂટી ગયાં લાલી અંતર વલોવતી સોહમની યાદમાં ખૂબ રડી. હેત એના બરડાને નિષ્કામ ભાવે હાથ ફેરવી સાંત્વના આપી રહ્યો હતો.

અને દુ:ખને આરો આવ્યો એમ એ હેતને વળગી પડી...લાલીને લેવા આવેલી મુક્તિની આંખોમાં હર્ષની હેલી વહી.અને ક્ષિતિજની પેલી પાર... ધરતી અંબરનું મધુર મિલન સંધ્યાની લાલીમાં ઓગળી રહ્યું હતું.

ઈલા આર. મિસ્ત્રી‘કલમ‘

વિભાગ પદ્ય

શીર્ષક મિલન ગીત

પ્રેમની એ પ્યાસ છીપાવી લઈએ
મુક્ત થઈ આશ શણગારી લઈએ
એક દરિયો ઘૂઘવે છે ભીતરે જે
એ મિલનથી જાત ઓગાળી લઈએ
ખાસ એંધાણી રચીને સૂર્ય ડૂબે
પ્રીતનો સંકેત પ્રગટાવી લઈએ
હું અને તું માત્ર બંને હોય એવો
ભાવ દિલનો આજ છલકાવી લઈએ
કંકુવરણી જો થઈ કુદરત મજાની
એ પરમ આનંદ પ્રસરાવી લઈએ
આ ક્ષિતિજ સાક્ષી ભરે ભાવે ખરેખર
મન ઉજાળી આવ કંડારી લઈએ
ભાવ વિશ્વે દીપ પ્રગટાવી સૂર્ય શાખે
રાગ એ માધુર્ય આલાપી લઈએ

દેવીબેન વ્યાસ-વસુધા-સુરેન્દ્રનગર---શીર્ષક સાગર કિનારો

અસ્ત થતો દિનકર, સાગરનો કિનારો,
અંકિત થયો છે ત્યાં પ્રણયનો મિનારો.
મારી બાહોમાં આવીને તું ઓગળી છે,
રોજ સાંજે સોનેરી કિરણો નો ઉતારો.
હા, એ ખુશનુમા સાંજ ઝાંખી થઈ છે,
છોડી દરિયાને મેં હિમાલય કર્યો પ્યારો.
અહીંય કેસરી રંગ છે, દેશના જવાનો,
ગુલાબ નહિ, ગોળીઓનું થાય છે મારો.
અંતિમ દ્રશ્ય હતા ‘મનોજ‘ આંખો સામે,
એક હતો ત્રિરંગો એક હતો ચહેરો તારો.
એ કિનારાનો પ્રેમ સરહદને અપર્ણ થયો,
હજુ સંકટમાં છે આ દેશ તેને તમે ઉગારો.

મનોજ સંતોકી માનસ ન્યુઝ ઓફ ગાંધીનગર

શીર્ષક જીવનસાગર

અમે ભાવનામાં ડૂબ્યા
અમે ભવોભવમાં બંધાણા

અમે એક તાંતણે બંધાયા
અમે તન- મનથી બંધાણા

અમે સાગરની લહેરોમાં ગૂંથાયા
અમે રેશમની દોરીથી બંધાણા

અમે જીવનસાગરમાં ડૂબ્યા
અમે આત્મ વિશ્વાસે બંધાણા

અમે જીવન નૈયામાં તર્યા
અમે શ્વાસે શ્વાસે બંધાણા
અમે મૌનમાં બંધાયા
અમે પરસ્પર બોલે બંધાણા

અમે સાગરતટે ઉછળ્યા
અમે પ્રેમ વચને બંધાણા
અમે સંધ્યાના સૂરજેડ ડૂબ્યા
અમે એકમેકમાં બંધાણા

મીના માંગરોલીયા મીનું
ન્યુઝ ઓફ ગાંધીનગર

શીર્ષક:-ક્ષિતિજેમલન

સંધ્યાના સમયે યાદ આવે પ્રિયજન,
મન કરે સાદ પાડું એને.
કરીએ ક્ષિતિજે મિલન...!
ઘૂઘવતા સાગરની સંગે ઢળતો સૂરજ,
મન કરે માંગુ કોઈનો સાથ.
કરીએ ક્ષિતિજે મિલન...!
આકાશનો બદલીને થતો નારંગી રંગ,
મન કરે રંગાય જાવું કોઈના પ્રેમમાં.
કરીએ ક્ષિતિજે મિલન...!
સાગરમાં ઉછળતા મોજાને જોઈને,
મન કરે ભીંજવુ કોઈને મારા પ્રેમમાં.
કરીએ ક્ષિતિજે મિલન...!
કુદરતનો આ પ્રકૃતિમય નજારો માણી,
મન થયું ને ભેટી પડી મારા વ્હાલમને.
થયું આજ ક્ષિતિજે મિલન...!

મીરાપટેલ
બંગાવડી(મોરબી)

ગત સપ્તાહ મા ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક ગદ્ય.પદ્ય સ્પર્ધામા ભાગ લીધેલ સૌ ભાઈઓ.બહેનો ને ખુબ ખુબ અભિનંદન. વિજેતાઓને વિશેષ અભિનંદન અને નિર્ણાયક શ્રી ઓ તેમજ સાહિત્યિક સ્પર્ધા સંચાલિકા જીજ્ઞા કપૂરીયા નો ખુબ ખુબ આભાર. તંત્રી : પ્રદીપ રાવલ

## દાહોદ જિલ્લાના કોરોના પ્રભાવિત વિસ્તારમાં તંત્રનું અસરકારક આયોજન

# ગરબાડાના ભીલવા ગામના નદી ફળીયામાં શાકભાજી અને રાશન તંત્ર દ્વારા પહોંચાડાય છે

દાહોદ, તા. ૧૮

દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. જે વિસ્તારોમાં આ કેસ નોંધાયા છે ત્યાં તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. જેથી કરીને કોરોના વિષાણુંનું સક્રમણ ફેલાય નહી. દાહોદના ગરબાડા તાલુકાના ભીલવા ગામે નદી ફળિયા વિસ્તારમાં એક પોઝિટિવ કેસ નોંધાયો છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અહીં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે ચુસ્ત આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આ ગામમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે સંપૂર્ણ વિસ્તારને સેનેટાઇઝ કરવામાં આવ્યો છે. પોઝિટિવ આવેલા વ્યક્તિના સંપર્કમાં આવેલા તમામ લોકોનું ટ્રેસિંગ કરીને તેમને કવોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ વિસ્તારના લોકોની પ્રાથમિક જરૂરીયાતની વસ્તુઓ પણ તેમના વિસ્તારમાં પહોંચાડવા માટેનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જીવન જરૂરી રાશન અને રોજબરોજની શાકભાજી માટે પણ બહાર ન આવવું પડે એ માટે સામાજિક અંતર જાળવીને ગ્રામજનોને રાશન અને શાકભાજી પહોંચાડવામાં આવે છે. જેથી લોકડાઉનનું સંપૂર્ણ પાલન થાય અને કોરોના સંક્રમણ વધુ ન ફેલાય.

મહેન્દ્ર

## યાત્રાળુઓને આઈસોલેશન વોર્ડમાં ખસેડાયા

# આનંદીબેન પટેલની મદદથી યુપીમાં ફસાયેલા અરવલ્લીના ૨૨ પ્રણામી સંપ્રદાયના યાત્રાળુ વતનમાં



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૨૨ જેટલા પ્રણામી સંપ્રદાય સાથે સાંકળયેલા યાત્રાળુઓ પ્રણામી સંપ્રદાયના ઉત્તર ભારતમાં આવેલ તીર્થસ્થાનો પર ભક્તિ યાત્રાએ ગયા હતા દેશમાં કોરોના વાયરસ ની મહામારી ના પગલે ૨૨ જેટલા યાત્રાળુઓ લોકડાઉનના પગલે ઉત્તર પ્રદેશના સરહાનપુર જિલ્લાના સરસવા ખાતે આવેલ પ્રાણનાથ જ્ઞાનપીઠ ફસાયા હતા

લોકડાઉન લંબાતા યાત્રાળુઓની મુશ્કેલીમાં વધારો થતા યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલનો સંપર્ક કરી વતન પહોંચાડવા માટે મદદ માંગતા તમામ યાત્રાળુઓને વતનમાં પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવતા ૨૨ યાત્રાળુઓ ડ્રાઈવર સહીત ૨૫ લોકો મધ્યપ્રદેશથી દાહોદ થઈ માલપુરમાં પ્રવેશતા આરોગ્ય તંત્રએ તમામ લોકોનું સૅનેટાઈઝિંગ અને સ્ક્રીનિંગ કરી તમામ લોકોને મોડાસાની કોવીડ હોસ્પિટલમાં આઈસોલેટ કરવામાં આવ્યા છે ૨૫ લોકોમાંથી ૪ લોકોને તાવની અસર હોવાનું આરોગ્ય તંત્રની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હોવાનું સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના નાંદોજ અને મોડાસા તાલુકાના સરડોઈ , મેઢાસણ , જીતપુર , દધાલીયા અને સાબરકાંઠા જિલ્લાના ઈડર ના ગોરલ ના ૨૨ જેટલા યાત્રાળુઓ તારીખ ૧૧માર્ચ ઉત્તર પ્રદેશના શ્રી પ્રાણનાથ જ્ઞાનપીઠ ખાતે દર્શનાર્થે ગયા હતા ઉપરોક્ત યાત્રાળુઓ તારીખ ૨૩ માર્ચ નું બુકિંગ કરાવી રેલવે માર્ગે પરત ફરવાના હતા પરંતુ દેશમાં કોરોનાવાયરસ ના પગલે મહામારી સર્જાતા દેશમાં લોકડાઉનની પરિસ્થિતિનું નિર્માણ થતા ઉપરોક્ત યાત્રાળુઓ ઉત્તર પ્રદેશના સરહાન પૂરમાં ફસાયા હતા યાત્રાળુઓ પૈકી મોટાભાગના ૧૫ જેટલા યાત્રાળુઓ સિનિયર સિટીઝન હોવાથી અને લોકડાઉન ૩ મે સુધી લંબાતા પરિવારજનો ભારે ચિંતિત બન્યા હતા યાત્રાળુઓને ગુજરાત લાવવા માટે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને અરવલ્લીના અરુણ પટેલે રાજ્ય સરકારને લેખિત રજુઆત કરી હતી લોકડાઉન લંબાતા યાત્રાળુએ સ્થાનિક તંત્ર અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલને વતન જવા અંગે રજુઆત કરતા તેમના દ્વારા થયેલ વ્યવસ્થાથી આખરે શ્રદ્ધાળુઓ વતન પરત ફરતા યાત્રાળુઓ અને તેમના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો

ઉત્તર પ્રદેશથી લકઝરી બસમાં પ્રવેશેલા ૨૨ યાત્રાળુઓ સહીત ૨૫ લોકોનું અરવલ્લીના પ્રવેશદ્વારે માલપુર આરોગ્ય વિભાગે સૅનેટાઈઝ કરી સ્ક્રીનિંગ કરી તમામ લોકોને તકેદારીના ભાગરૂપે મોડાસા શહેરમાં ઉભી કરવામાં આવેલી કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન હેઠળ રાખવામાં આવ્યા છે

## ખેડૂતોમાં ખાતર ખતરો બને તો નવાઈ નહિ...!!

# અરવલ્લીમાં લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સના જાહેરમાં ધજાગરા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોની લોકડાઉનમાં ખેત પેદાશોનું વેચાણ હોય કે પછી ખેતી માટે ખાતરની તંગી હાલત કફોડી બની

છે અરવલ્લી જીલ્લાના ખેડૂત વિક્રેતાઓના ત્યાં યુરિયા સહીત ખાતર લેવા જાણે કે મેળો ભરાયો હોઈ તેમ અમુક લોકો માસ્ક પહેર્યા વગર ઉમટી પડ્યા હતા. ખેડૂતો અને લોકોમાં કોરોના અંગે હજુ ગંભીરતા જોવા મળતી નથી લોકોમાં જાગૃતિનો અભાવ કોરોના સંક્રમણ ને આવકારવા માટે પૂરતો છે

અરવલ્લી જીલ્લામાં લોકજાગૃતિના અભાવે મોડાસા શહેર સહીત જીલ્લામાં સોશ્યલ ડીસ્ટન્સનો ભંગ થઈ રહ્યો છે ઉનાળુ ખેતી કરનાર ખેડૂતો ખાતર મેળવવા વહેલી સવારથી ખાતર વિક્રેતાઓના ત્યાં લાઈનમાં ઉભા રહે છે ખાતર લેવા પહોંચતા ખેડૂતોમાં જાગૃતિના અભાવે સામાજિક અંતર જાળવતા નથી બીજીબાજુ ખેત સેવા કેન્દ્રો પણ સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે યોગ્ય વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેતા ખાતર મેળવવા પહોંચતા ખેડૂતો કોરોનમાં સપડાવાની સાથે કોરોના વાહક બને તેવી સ્થિતિનું નિર્માણ થયું છે

અરવલ્લી જીલ્લામાં ખેત સેવા કેન્દ્રો અને ખાતર વિક્રેતાઓની દુકાન બહાર જાણે કે મેળો ભરાયો હોઈ તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે અમુક ખેડૂતો તો માસ્ક પહેર્યા વગર ઉમટી પડ્યા હતા. ખેડૂતો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળી રહ્યો છે અને ખેડૂતો અને ખેતર વિતરણ કરતા ખેત સેવા કેન્દ્ર અને વિક્રેતાઓ પણ લોકડાઉનના જાહેરનામાનો ઉલાળિયો કર્યો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા

કોરોના ના કેસોમાં વધારો જોવ મળી રહ્યો છે આવા સમયે સોશિયલ ડીસટન્સ જાળવવું ખુબ મહત્વનું બની ગયું છે તો સાથેજ મોટી સંખ્યામાં પણ એકઠા નહિ થવાનું જાહેરનામું પોલીસ તેમજ જીલ્લા કલેકટર દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું.પરંતુ

મોડાસા શહેરમાં લોકડાઉનમાં જીવનજરૂરિયાત ચીજ વસ્તુઓ ખરીદવા અપાયેલી છૂટમાં સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડી રહ્યા છે શહેરમાં લોકો બિન જરૂરી રખડપટ્ટી કરી રહ્યા છે લોકડાઉનના સમયમાં પણ જાહેરનામા અને લોકડાઉનના નિયમોનો ઉલાળ્યો કરતા નજરે પડી રહ્યા છે જે રીતે સરકાર અને તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તે ખુબ સારી છે પરંતુ લોકો આ વ્યવસ્થા નુ પાલન કરતા નથી. કોરોના ને ફેલાતો અટકાવવા સોશિયલ ડીસટન્સ ખુબ જરૂરી છે અને વધુ લોકોએ પણ એકઠા થવું નહિ તે પણ હવે ખબ જરૂરી બન્યું છે તેમ છતાં મોડાસા શહેરના કેટલાક બેદરકાર લોકોના ભોગે શહેરીજનોને ભોગવવાનું ન આવે તો નવાઈ નહિ...?



ગાંધીનગર માં રહેતા વયો વૃધ્ધ જ્યોતિશચાર્ય ઉ. વ ૮૪ વ વર્ષ ના બળવંતભાઈ મહેતાએ મુખ્ય મંત્રીને મળી રૂપિયા એક લાખ નો ચેક રાહત ફન્ડ માં આપી ને વાલમ બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધાર્યું છે.




સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર અને અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં કોરોનાની મહામારીને લઈને કપરા સમયમાં નિરંતર સેવા આપી રહ્યા છે દેશમાં લોકડાઉન વચ્ચે કોરોનાની મહામારીથી લોકોને બચાવવા અનેક રાજ્યોમાં સરકારશ્રી તરફથી ઘણી સેવાઓ અપાઈ રહી છે આવા સમયમાં સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ કામ કરી રહી છે આ મહામારી સમયમાં અમદાવાદની સંસ્થા સ્મિત ફાઉન્ડેશન દ્વારા રાજ્યમાં માનવ સેવા મહેકાવી રહ્યું છે રોજે રોજનું કમાઈ પેટ ભરીને જીવતા લોકો માટે જીવા દોરી સમાન બન્યું છે ગુજરાત રાજ્યમાં બહારના રાજ્યથી વસવાટ કરતા લોકોને જમવાનું પહોચાડી રહીછે તેમને જીવન જરૂરી ચીજવસ્તુઓ, અનાજની કીટ, માસ્ક, ગ્લોબ્સ, સેનેટાએઝ આપી રહી છે સાથે સાથે સ્લમ વિસ્તાર અને મધ્યમ વર્ગના લોકોને પોતાની ટીમ દ્વારા રોજે રોજનું બે હાજર લોકોનું જમવાનું બનાવી તેમના વિસ્તાર અને ઘર સુધી પહોચાડી રહી છે સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ, અને સાથે મહેશભાઈ કણઝરીયા, ડો.હર્ષ જોશી, જય શાહ, સદામ શેખ, હંસાબેન, ઉમેશ સથવારા, પ્રીન્સી પટેલ, ગીરીશ પારેખ, ક્રીશ, આશિષભાઈ પુરીટીમ આ મહામારી સમયમાં શહેરમાં માનવ સેવાની મહેક મહેકાવી રહ્યા છે આવા કપરા સમયમાં પોતાનો જીવ જોખમમાં મૂકી કામ કરી હજારો લોકોને સેવાઓ પૂરી પાડી રહ્યા છે.

# ધનસુરામાં લોકડાઉનની અમલવારી કરાવતા નિવૃત આર્મી જવાનને ત્રણ શખ્શોએ ગાળો બોલી ફેંટ પકડી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી માટે સતત પેટ્રોલિંગ અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ખડેપગે રહીને અમલવારી કરાવવા મથામણ કરી રહી છે. જિલ્લા પોલીસે સરકારની ગાઈડલાઈન ૭૯ એક્સ આર્મીમેનની લોકડાઉનની અમલવારી માટે પોલીસતંત્રની મદદે પહોંચતા જિલ્લાના વિવિધ મહત્વના સ્થળોએ નિવૃત આર્મી જવાનોને ફરજ સોંપવામાં આવી છે. ધનસુરા ચાર રસ્તા પર લોકડાઉનની ચુસ્ત અમલવારી કરવા જતા નિવૃત લશ્કરી જવાને સ્થાનિક કાર ચાલકને માસ્ક પહેરવા બાબતે અને બિનજરૂરી અવર જવર ન કરવા માટે જણાવતાં કારચાલક ભડકી ગયો હતો અને સામાન્ય બોલાચાલી પછી મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેના પગલે કેટલાક સ્થાનિક લોકો દોડી આવતા નિવૃત આર્મી જવાનો અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ થતા તંગદિલી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં



જિલ્લા પોલીસવડા મયુર પાટીલ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં અનેક જગ્યાએ લોકો લૉકડાઉનનું સમર્થન કરતા જોવા મળ્યા હતા. તો અમુક જગ્યા પર લોકો પોલીસ સાથે ઘર્ષણમાં ઉતર્યા હોવાનું પણ સામે આવ્યું છે. જીલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાતા પોલીસતંત્ર અને આર્મી જવાનોએ લોકડાઉનની ચુસ્ત અમલવારી માટે કમર કસી છે છતાં અમુક લોકો લોકડાઉનનું ઉલ્લઘન કરી કોરોનની ગંભીરતા સમજ્યા વગર વાહનો લઈ રખડપટ્ટી કરતા નજરે પડી રહ્યા છે ધનુસરા નગરમાં લોકડાઉનની અમલવારીની ફરજ દરમિયાન નિવૃત્ત આર્મી જવાન પંકજભાઈ જેશીંગભાઈ પટેલ ધનસુરા સત્યમ કોમ્પલેક્સ આગળથી પસાર થઈ રહેલી કાર (ગાડી.નં - જી.જે.૩૧.સી.બી.૭૧૧૧) ને રોકી ચાલકને બિનજરૂરી ન ફરવા તેમજ માસ્ક પહેરવા જણાવ્યું હતું. જેના પગલે કાર ચાલક તેમજ તેમાં સવાર અન્ય વ્યક્તિ જવાનને અપમાનિત શબ્દો બોલી ફેંટ પકડી જવાન પાસેની લાકડી લઈ ફરજ પરના જવાનને ડાબા પગે સાથળના ભાગ ઉપર ફટકારી દીધી હતી. જેના પગલે નિવૃત્ત આર્મી જવાને ધનસુરા પોલીસ મથકમાં અવધેસકુમાર સુરેસચંદ્ર પટેલ, મીત વસંતભાઈ ચૌધરી અને તેઓની મદદગારી કરનાર રાજેશભાઈ કાન્તીભાઈ પટેલ (તમામ રહે.ધનસુરા) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સેવામાં સહભાગી બન્યા

# લાયન્સ ક્લબ ઓફ થરાદ સીટીના પ્રથમ ઉપપ્રમુખ,૫૧૦૦૦ રૂપિયાનું આપ્યું દાન

કોરોના વાયરસની મહામારીના જંગ સામે લડી ગરીબોને મફતમાં ભોજન પુરુ પાડી ઉમદા હાથે કામ કરી અનેક લોકો માનવતા દાખવી રહ્યાં છે, તેમજ સેવાનો ધોધ પણ ઉદાર હાથે વહાવી અવિરત સેવા આપે છે, ત્યારે લાયન્સ ક્લબ ઓફ થરાદ સીટીના પ્રથમ ઉપપ્રમુખ તેમજ રામેશ્વર ડેન્ટલ ક્લિનિકના ડેન્ટીસ્ટ ડૉ. વાલાભાઈ યુ. પ્રજાપતિ દ્વારા કોરોના વાયરસની મહામારીમાં થતા સેવાકાર્યો માટે આદેશ પરિવાર મંડળ તેમજ ભારત વિકાસ પરિષદ થરાદને એમ બંને સેવાભાવી સંસ્થાઓની સેવામાં સહભાગી થવા ૫૧૦૦૦ રૂપિયાનું દાન આપી સેવા કાર્ય કરનારાઓનું મનોબળ મજબૂત કર્યું હતું. તેઓ દ્વારા આદેશ પરિવાર મંડળને



સહભાગી થવા ૨૬૦૦૦ નું દાન આપ્યું છે તેમજ ભારત વિકાસ પરિષદ થરાદને સહભાગી થવા ૨૫૦૦૦ રુપિયાનું દાન આપી ગરીબ, જરૂરિયાત મંદ લોકો માટે ભોજનની ફ્રીમાં વ્યવસ્થા કરી જમાડતા બંને સેવાભાવી સંસ્થાઓને ઉદાર હાથે દાનનો ધોધ વહાવી સેવાકાર્યમાં સહભાગી બની ભારત વિકાસ પરિષદ થરાદ તેમજ આદેશ પરિવાર મંડળના કાર્યને મનોબળનો વેગ આપી ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હતું.

રિપોર્ટ : અરવિંદ પુરોહિત, થરાદ

# વિવિધ પ્રવૃત્તિઓ થકી ABVP બનાસકાંઠા ભજવી રહ્યું છે માનવતાની ભૂમિકા

વૈશ્વિક કોરોના વાયરસની મહામારીનો કપરો સમય ધમધમી રહ્યો છે, જોકે આવા કપરા સમયમાં અનેક સેવાભાવી લોકો તેમજ સંસ્થાઓ મદદરૂપ બની સહભાગી બને છે, ત્યારે વિશ્વનું સૌથી મોટું ગણાતું વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ



બનાસકાંઠા જિલ્લા દ્વારા વિવિધ પ્રકારની પ્રવૃતિઓ હાથ ધરી સરાહનીય કામગીરી કરી રહ્યું છે. કોરોના વાયરસના કારણે હાલમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ થંભી ગયો છે જોકે કપરા સમયનો સદુપયોગ થાય તેમજ વિદ્યાર્થીઓ કંઈક અવનવું શીખી સમાજને ઉપયોગી બને તે હેતુથી એબીવીપી દ્વારા હાલમાં વિવિધ શાખાઓમાં કોરોના સંદર્ભે ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, મહેદી સ્પર્ધા વગેરે પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે અને એમાં જે વિદ્યાર્થીઓ પ્રથમ દ્વિતીય તેમજ તૃતીય ક્રમ પ્રાપ્ત કરશે તેને એબીવીપી ઈનામ આપી પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લેતાં વિદ્યાર્થીઓની કળાના દર્શન થકી પ્રોત્સાહન પણ પુરૂં પાડયું છે.

એબીવીપી બનાસકાંઠા જિલ્લાના સંયોજક ધવલભાઈ જોષી ૧૭મી એપ્રિલના રોજ સાંજે સાડા સાત વાગ્યે ફેસબુક પર લાઈવ થયા હતા જેમાં તેઓએ લોકડાઉનમાં વિદ્યાર્થીઓની શું ભૂમિકા હોઈ શકે તે વિષય પર ચર્ચા કરી વિદ્યાર્થીઓને સંદેશો પાઠવ્યો હતો, તે વખતે ઉમેર્યું હતું કે લાંબા વેકેશન બાદ શૈક્ષણિક કાર્યનો આરંભ થતાં એબીવીપી બનાસકાંઠા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લગતી કીટો તૈયાર કરી વિદ્યાર્થીઓને મદદરૂપ થશે તેમ બનાસકાંઠા જીલ્લા સંયોજક ધવલભાઈ જોષીએ જણાવ્યું હતું. દેશ પર આવતી આફત સામે હરહંમેશ લડતું તેમજ સરકારને મદદરૂપ થનાર વિદ્યાર્થી પરિષદ એ વર્તમાનમાં પણ પ્રધાનમંત્રી રાહત ફંડમાં સ્વેચ્છાઈ પૂર્વક વિદ્યાર્થીઓ સો રૂપિયાનો ફાળો આપી સરકારને આર્થિક મદદરૂપ થાય તે માટે એબીવીપી દ્વારા આયોજન કરાતા એબીવીપીનું કાર્ય ખરેખર માનવતાના દર્શન કરાવી લોકજાગૃતિનો સંદેશો આપતા કાર્યને બિરદાવવા સમાન છે.

રિપોર્ટ : તુલસી બોધું, બ.કા.

## હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલ કોરોના હોટસ્પોટ....!!

# હોસ્પિટલમાં સારવાર લેનાર મોયદની મહિલા કોરોનાગ્રસ્ત

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે રાજયમાં ૧૨૭૨ થી વધુ લોકો કોરોના સંક્રમણમાં સપડાઈ ચુક્યા છે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં કોરોનાએ પગપેસારો કરતા અરવલ્લીમાં ૧ વૃદ્ધાનું કોરોનાથી મોત નીપજયું છે સાબરકાંઠામાં સિવિલનો બ્રધર કોરોનામાં પટકાયા બાદ તેનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો અનુભયો હતો ત્યારે વધુ એક મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા તંત્રમાં હડકંપ મચ્યો છે અરવલ્લીની કુશાલપુરાના કોરોના પોઝેટીવ વૃદ્ધાએ પણ હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં સારવાર લીધી હતી ત્યારે મોયદની કોરોનાગ્રસ્ત મહિલા પણ આવિષ્કાર હોસ્પિટલમાં દાખલ હતી અને તકેદારીના ભાગ રૂપે હોસ્પિટલ સ્ટાફ અને દર્દીઓને કોરન્ટાઈન કરવામાં આવ્યા છે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા માટે હિંમતનગર આવિષ્કાર હોસ્પિટલ કોરોનાનું હોટસ્પોટ બને તો નવાઈ નહીંની ચર્ચાએ જોર પકડ્યું છે

પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામની વૃધ્ધાને હૃદયને લગતી બીમારી થતા હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં સારવાર લીધી હતી તકલીફ વધતા અમદાવાદ યુ.એન.હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા અમદાવાદ વૃદ્ધાનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવ્યાના ગણતરીના કલાકોમાં મૃત્યુ નીપજ્યું હતું વૃદ્ધાની પ્રાથમિક સારવાર કરનાર ભિલોડાના તબીબ અને હિંમતનગર આવિષ્કાર હોસ્પિટલમાં ત્રણ દિવસ દરમિયાન વૃદ્ધાની સારવાર કરનાર તબીબો સહીત હોસ્પિટલમાં ફરજ બજાવતા ૪૦ લોકોને કોવીડ હોસ્પિટલમાં આઈસોલેટ કરવામાં આવ્યા છે અને આવિષ્કાર હોસ્પિટલને સૅનેટાઈઝ કરવામાં આવી હતી આવિષ્કાર હોસ્પિટલમાં સારવાર લેનાર પ્રાંતિજ તાલુકાના મોયદ ગામની મહિલાનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા ભારે હડકંપ મચ્યો છે આરોગ્ય તંત્રએ તકેદારીના ભાગરૂપે આવિષ્કાર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અને સંકળાયેલા ૧૪ લોકોનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો જેમાં મોયદની મહિલાનો રિપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે મહિલા હાલ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું અને સ્થિતિ સ્થિર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી આરોગ્ય તંત્રએ પરિવારજનો અને તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરન્ટાઈન કરવા તજવીજ હાથધરી છે

# પ્રાંતિજના માઢા(મોયદ) કન્ટેઈનમેન્ટ ઝોનમાં ૭ ગામના લોકોનો સરવે હાથ ધરાયો

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના મોયદ(માઢા) ગામમાં ૩૪ વર્ષીય મહિલાને કોરોના પોઝિટિવ આવતાં સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રાતં દ્વારા આ વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે,પ્રાંતિજ તાલુકાના મોયદ(માઢા) ગામમાં ૩૪ વર્ષીય મહિલાને બલ્ડપ્રેશરની તકલીફ હોવાથી સ્થાનિક તબીબની સલાહથી હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. ત્યારબાદ તેમને સ્વસ્થય સુધારા જણાતા રજા આપવાની થતી હતી પરંતુ એ જ ખાનગી હોસ્પિટલ એક દિવસ અગાઉ કોરોનાના દર્દીએ સારવાર લીધી હતી. જેથી આરોગ્ય વિભાગે તકેદારીરૂપે ખાનગી હોસ્પિટલના તબીબ, સ્ટાફ અને દર્દીઓ સહિત ૧૨ લોકોના ને સંક્રમણનું જોખમ લાગતા આઈસોલેટેડ કરી સેમ્પલ લેવાની કામગીરી હતી. જે પૈકી પ્રાંતિજ તાલુકાના મોયદ(માઢા) ગામમાં ૩૪ વર્ષીય મહિલાનો કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જેને લઈ આ વિસ્તારનું મેપિંગ કરી કન્ટેટમેંટ ઝોન જાહેર કરી આસ પાસના ૩. કિ.મી વિસતારમાં આવતા મોયદ નાથાજી, મોયદ રૂપાજી, રૂપપુરા, માઢા, મોરવાડ, સાંપડ અને મહાદેવપુરા મળી કુલ સાત ગામોના લોકો અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે, મોયદ(માઢા) કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ વર્કર અને આશા વર્કર મળી કુલ- ૩૬ ટીમ બનાવવામાં આવી છે, જે૧૮૦૬ ઘરના ૧૧,૦૩૨ લોકોનો હાઉસ ટુ હાઉસ સર્વે કરશે, ઉલ્લેખનીય છે કે કોરોના પોઝિટીવ આવનાર મહિલા દર્દીના ક્લોઝ કોન્ટેક્ટમાં આવનાર ૨૩ લોકોને પ્રાંતિજના ગવર્નમેન્ટ ક્વોરોન્ટાઈન અને આસપાસના ૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. રીપોર્ટ : કુલદીપ ભાટીયા (સાબરકાંઠા)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.